©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVII] TUESDAY, 03rd MARCH, 2026/PHALGUNA 12, 1947 [No. 1721

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART-II EXTRAORDINARY

અધિસૂચના/જાહેર નોટીસ

ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૧

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩(૧) હેઠળ તેમજ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો-૧૯૭૯ના નિયમ-૫

નં.બાડા / તૃતીય રીવાઈઝ ડી. પી. / અધિસૂચન / ૧૦૧૭.–ભાવનગર વિકાસ વિસ્તાર સત્તામંડળ, ભાવનગરની બોર્ડ બેઠકના ઠરાવ નં.૦૩/૦૨-૨૦૨૬, તા.૨૫/૦૨/૨૦૨૬થી મળેલ બહાલી અન્વયે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ની કલમ-૯(૧) હેઠળ તા. ૦૨-૦૩-૨૦૨૬ના પત્ર નં. બાડા/તૃતીય રીવાઈઝ ડી.પી/કલમ-૯/૧૦૧૬થી સરકારશ્રીમાં સાદર કરવામાં આવેલ. તેમજ કલમ-૧૩(૧) હેઠળ સત્તામંડળ નોટીસ આપે છે કે મુસદ્દારૂપ તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજના-૨૦૪૧ની દરખાસ્તો તથા અહેવાલ પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ અધિસૂચન સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાથી ૨(બે) માસની નિયત સમયમર્યાદામાં કોઈપણ જમીન માલિક અથવા હિત સંબંધીત વ્યક્તિ પાસેથી તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજનાની દરખાસ્તો તથા અહેવાલને સંબંધિત વાંધા સૂચનો સત્તામંડળને લેખિતમાં ચાર નકલમાં આધાર પુરાવા સહ આપવાના રહેશે. નિયત ૨(બે) માસની સમય મર્યાદામાં મળેલ વાંધા સૂચનો પરત્વે સત્તામંડળના અભિપ્રાય સાથે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ -૧૯૭૬ની કલમ-૧૬ હેઠળ સરકારશ્રીમાં આખરી મંજૂરી સારૂ સાદર કરવામાં આવશે.

અનુસુચિ :-

(૧) મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવા માટે કરેલ હયાત જમીન વપરાશ સર્વેની વિગતો દર્શાવતા નકશા (હયાત જમીન વપરાશ) તથા વિકાસ યોજનામાં આવરી લેવાયેલ વિસ્તારમાંની જમીનોનો જે ઉપયોગ કરવાની દરખાસ્ત હોય તેની વિગતો દર્શાવતા નકશા. (સુચિત જમીન વપરાશ).

(૨) નકશા, ચાર્ટ અને મુસદ્દારૂપ વિકાસ યોજનાની વિગતો સમજાવતો અહેવાલ.

(૩) વિકાસ યોજનાના મુસદ્દાથી વિસ્તાર વિકાસ સત્તામંડળ ઉપર મુકેલી કોઈ જવાબદારીને જે વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેનું નિવેદન.

ઉપર મુજબનું તમામ સાહિત્ય ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ, ભાવનગર, મહાત્મા ગાંધી સદન, પહેલો માળ, મોતીબાગ ટાઉનહોલ પાછળ, ભાવનગર ખાતે રવિવાર તથા જાહેર રજાના દિવસો સિવાય કચેરીના સમય દરમ્યાન જાહેર જનતાને જોવા સારૂ ખુલ્લું મુકવામાં આવેલ છે.

નં.બાડા / તૃતીય રીવાઈઝ ડી.પી / અધિસૂચન / ૧૦૧૭
તા. ૦૨-૦૩-૨૦૨૬

મુખ્ય કારોબારી અધિકારી
ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ
ભાવનગર

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2026.03.05 15:30:08 IST